વન્ય પ્રાણી સપ્તાહ અંતર્ગત તારાપુરની શાળા ખાતે ચિત્ર સ્પર્ધા યોજાઈ

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં નવિનીકરણની વિચારણા

વિશાળ પક્ષીગૃહ, પ્રાણી સંગ્રહાલય અને સર્પગૃહ સહિત પાર્કના આંતરિક માર્ગો વગેરેનું નવીનીકરણ કરાશે : વન્ય પ્રાણીઓના પાંજરાની આંતરિક ડીઝાઈન બદલાશે : ઘણા સમયથી બંધ પડેલ વાલ્ડલાઈફ ગેલેરી પુનઃ જીવિત કરાશે

ગાંધીનગર, તા.૫

રાજયભરમાં વન વિભાગ દ્વારા તા. ૨જી ઓકટોબરથી ૮મી ઓકટોબર દરમિયાન વન સપ્તાહની ઉજવણી કરાઈ રહી છે. ગાંધીનગરનું ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન પર્યાવરણપ્રેમીઓ અને વન્યસૃષ્ટિના અભ્યાસુઓ માટે સૌથી આદર્શ સ્થળ ગણાય છે. છેલ્લા કેટલાક સમયથી આ પ્રકૃતિ ઉદ્યાનના કેટલાક વિભાગો જુનવાણી થવાને કારણે ક્ષતિગ્રસ્ત અને બિનઆકર્ષક બન્યા હતા પરંતુ તાજેતરમાં સમગ્ર પાર્કના પ્રમુખ વિભાગોનું નવીનીકરણ હાથ ધરવા તંત્રએ કમર કસી છે. આ નવિનીકરણ માટે પ્લાન તૈયાર કરી દેવાયો છે અને ટુંક સમયમાં જ તેનું કામ હાથ ધરી દેવાશે.

ગુજરાત સરકારે પ્રકૃતિ મંડળના સહયોગથી વર્ષ ૧૯૭૭માં નૈસર્ગિક ઈતિહાસ સંગ્રહાલય રૂપ 'ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન'ની સ્થાપના કરવામાં આવી હતી. વર્ષોથી આ પ્રકૃતિ ઉદ્યાન પારિસ્થિતિકીય શિક્ષણ અને સંશોધન, નૈસર્ગિક ઈતિહાસનું અર્થઘટન, અભ્યારણ તથા રાષ્ટ્રીય ઉદ્યાનોના વ્યવસ્થાપન અને રક્ષિત વિસ્તારોના સ્થાપન જેવી પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યું છે. આ પ્રવૃત્તિઓ માટે સરકાર દ્વારા ગુજરાત ઈલોકોજીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન ઉર્ફે ગીર ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી જેનું મુખ્યમથક ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે આવેલું છે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રકૃતિ શિક્ષણ કેન્દ્ર ઉપરાંત પ્રાણી સંગ્રહાલય, બોટનિકલ ગાર્ડન, ડાયનાસૌર અને જીવાષ્મિ પાર્ક, સર્પગૃહ, નાનુ પક્ષી ગૃહ, વિશાળ પક્ષી ગૃહ, વાઈલ્ડલાઈફ ગેલેરી, કલરવ એન્કલેવ, ઈકો પોઈન્ટ જેવા અનેક વિભાગો આવેલા છે. વર્ષોથી આ પ્રકૃતિ ઉદ્યાન નગરજનો ઉપરાંત રાજયભરના પ્રવાસીઓ માટે ગાંધીનગરમાં આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે.

છેલ્લા કેટલાક સમયથી આ પ્રકૃતિ ઉદ્યાનના કેટલાક વિભાગો સમયના મારના કારણે જુનવાણી થવા પામ્યા હતા જેના કારણે તેની જાળવણી પણ અઘરી બની રહી હતી. સાધનો અને સંપત્તિ જુની પુરાણી થવાને કારણે ક્ષતિગ્રસ્ત થવા પામતા પ્રવાસીઓનું આકર્ષણ પણ ઘટી જવા પામ્યું હતું. તેમજ કેટલાક વિભાગો જેવા કે વાઈલ્ડ લાઈફ ગેલેરી, વિશાળ પક્ષીગૃહ વગેરેને બંધ રાખવાની ફરજ પડી રહી હતી. જો કે હવે નવેસરથી આ વિભાગોનું નવિનીકરણની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અંગે એક રોડ મેપ પણ તૈયાર કરાયો છે.

નવિનીકરણ અંતર્ગત પાર્કના રસ્તાઓની મરામતથી માંડીને વિશાળ પક્ષીગૃહ અને સર્પગૃહનું નવનિર્માણ, વાઈલ્ડલાઈફ ગેલેરીનું પુનરોત્થાન જેવા કાર્યોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રાણી સંગ્રહાલય ની અંદર વન્યજીવોના પાંજરાની ડિઝાઈનમાં પણ ફેરફાર કરાશે. જેનાથી તેમની સારસંભાળ લઈ રહેલા કર્મચારીઓ ખુબ જ સરળતાથી તેમનું કાર્ય નિભાવી શકે તથા વન્ય પ્રાણીઓને હરવા ફરવાની સુવિધા પણ યથાવત રહે તેવી ગોઠવણ કરાઈ રહી છે.

ગાંધીનગરને સાપનું ઘર પણ કહેવામાં આવે છે. આ કારણે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનનું સર્પગૃહનું મહત્વ ખુબ જ વધી જાય છે. અહીંના સર્પગૃહમાં સરિસૃપો અંગે વિસ્તૃત માહિતી કયા સાપ ઝેરી છે અને કયા બીન ઝેરી ઉપરાંત રહેણાંક વિસ્તારોમાં છાશવારે જોવા મળતા સર્પો પ્રત્યે કેવો વ્યવહાર કરવો તે અંગે સમજ આપવામાં આવતી હતી. નવિનીકરણ પ્રોજેકટ અંતર્ગત એકલા સર્પગૃહના નવિનીકરણ માટે રૂ. ૨૨ લાખની ફાળવણી કરવામાં આવી છે જેનાથી અત્યંત અત્યાધુનિક સર્પગૃહ ટુંક સમયમાં નગરજનોને જોવા મળશે તેમાં શંકાને સ્થાન નથી. પ્રકૃતિ ઉદ્યાનના રિનોવેશનને કારણે પ્રકૃતિ પ્રેમીઓમાં ખુબ જ ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.

(તસવીર : સમીર રામી)

@ગાંધીનગર

● નશાબંધી સપ્તાહ અંતર્ગત સવારે ૧૧ કલાકે કસ્તુરબા સ્ત્રી અધ્યાપન મંદિર, કોબા ખાતે મહેંદી સ્પર્ધા, ગાંધી ગીતોની સ્પર્ધા તેમજ ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે.

● માણસા, પાંજરાપોળ ખાતે બપોરે ૧ કલાકે મહિલા સંમેલનનો કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

વાતવાતમાં

● નગરના પ્રવેશદ્વાર સમા ચ-૦ સર્કલે જાણે હોર્ડિંગ્સનો મેળો જામ્યો છે. અહીંથી મોટે ભાગે વાહનોદ્વારા જ પસાર થતા નગરજનો માટે કયુ હોર્ડિંગ્સ વાંચવું તે નક્કી કરવામાં જ સર્કલ પાસ થઈ જાયછે.

● ચ-૩ સર્કલ પાસે રોડ નં. ૩ પર પડેલો ખાડો અંતે તંત્રની નજરે ચઢતા પુરી દેવામાં આવ્યો છે. આ ખાડાએ છેલ્લા બે માસમાં અઢળક વાહનચાલકોને તેમની નાની યાદ કરાવી દીધી હતી.

● નગરમાં ધીમે ધીમે નવરાત્રિનો માહોલ જામી રહ્યો છે. સે-૧ ૩-એના શોપિંગ સેન્ટરમાં ખેલૈયાઓને ભાડે આપવા માટેના કેડિયા-ચણિયાચોળીને વેપારીએ સારી રીતે ધોઈને એવા સુકવ્યા હતા જે રહીશોને આવતા જતા ઉડીને આંખે વળગતા હતા.

● આજે બ્રાહ્મણ સમાજના પ્રતિનિધિ મંડળે બિન અનામત વર્ગો માટે આર્થિક પેકેજની જાહેરાત કરવા બદલ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને મળી આભાર પ્રગટ કર્યો હતો. આ પ્રતિનિધિ મંડળમાં ગુડાના ચેરમેન આશિષ દવે, એડવોકેટ અશ્વિન ત્રિવેદી તથા યુવા પાંખમા જીગર ત્રિવેદીનો સમાવેશ થાય છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

સેકટર-૨૧ સરકારી વસાહત નવરાત્રિ સમિતિના હોદ્દેદારો

ગાંધીનગર, તા.૬

સરકારી વસાહત સેકટર-૨૧ કેટેગરી-૩ની સરકારી વસાહત સમિતિ તથા નવરાત્રિ મહોત્સવ સમિતિના હોદ્દેદારો તથા કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

જેમાં પ્રમુખ-અમરસિંહ રાણા, ઉપપ્રમુખ-દશરથભાઈ પટેલ, મંત્રી-ઘનશ્યામસિંહ ગોહીલ, સહમંત્રી-પાનચંદભાઈ પરેચા, ખજાનચી-પ્રશાંતભાઈ પારેખ, સલાહકાર-સુરેશભાઈ પુરોહિત, મહેન્દ્રસિંહ પરમાર, ઓડિટર-મનુભાઈ પંચાસરા, હરેશભાઈ પટેલ તેમજ કારોબારી સભ્યોમાં જીજ્ઞેશભાઈ દવે, રણજીતસિંહ, કિરણભાઈ મણિયાર, વિજયભાઈ જોષી, જગદીશભાઈ મિસ્ત્રી, રમેશભાઈ રાઠોડ, ખુમાનસિંહ રાણા અને કેતુલ પંચાસરાની વરણી કરવામાં આવી છે.

હત્યાના ગુનામાં સજા ભોગવતો પેરોલ જમ્પ આરોપી પકડાયો

ગાંધીનગર, તા.૬

સાબરમતી પોલીસ સ્ટેશનની હદમાં હત્યા કર્યા બાદ પકડાઈ

ગયેલા આરોપી ગાભાજી ફકાજી ઠાકોરને આજીવન કેદની સજા થઈ હતી. આરોપીને એક મહિના માટે પેરોલ પર મુકત કરવામાં આવ્યો હતો. ૧૪ ઓગષ્ટથી ૧૪ સપ્ટેમ્બર ના પેરોલ મળ્યા બાદ તેને હાજર થવાનું હતું પરંતુ ગાભાજી હાજર થયો નહી અને પેરોલ જમ્પ કર્યા હતા. નાસતા ફરતા આરોપીને કલોલ તાલુકાના રણછોડપુરા ગામમાંથી એલસીબીની ટીમના પીએસઆઈ કૃણાલ પટેલ તથા તેમની ટીમે પકડી પાડયો છે.

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા થેલેસેમીયા ચેકઅપ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૬

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ, એન.એસ.એસ. યુનિટ ગાંધીનગરના અને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર શાખાના ઉપક્રમે થેલેસેમીયા ચેકઅપ કાર્યક્રમ યોજાયો હતો. તેમાં ૩૧૯ જેટલા વિદ્યાર્થીઓનો થેલેસેમીયા ચેક અપ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આજે થેલેસેમીયા અંગે જાગૃતિ લાવવા માટે પણ એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ પ્રયત્ન કરી રહ્યા છે. કોલેજના ૩૧૯ જેટલા બાકી હતા તે તમામ વિદ્યાર્થીઓનો ટેસ્ટ કરી સંપૂર્ણ કોલેજના તમામ વિદ્યાર્થીઓએ થેલેસેમીયા ટેસ્ટ કરાવી દીધો છે જે આજે ખુબ જ જરુરી છે. આ કાર્યક્રમનુંઆયોજન અને સંચાલન ડો. રણથોડ રથવીએ કર્યું હતું. કાર્યક્રમને

સફળ બનાવવા માટે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન શ્રી મેહુલભાઈ શાસ્ત્રીએ ઉમદા ફાળો આપ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાહીલ પટેલ, મિત્ત સોની, વિકાસ રાજગોર, અંજલી પટેલ, નિર્મલ ચૌધરી, ધારા પટેલ, પંકજ જાદવ, દર્શન પટેલ, મોના પટેલ, કાજલ વૈષ્ણવ, કુલદિપ જાદવ વગેરે વિદ્યાર્થીઓએ મહેનત કરી સંપૂર્ણ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. દરેક વિદ્યાર્થીઓને પ્રોગ્રામ ઓફીસર શ્રી ડો. રણછોડ રથવીએ અભિનંદન આપ્યા હતા અને બધાનો આભાર માન્યો હતો.

વિસલનગરા નાગર સમાજના શ્રેષ્ઠી અને જિલ્લા ભાજપના વરિષ્ઠ આગેવાન સ્વ. વાસુદેવ પંડયાની પ્રથમ પુણ્યતિથિએ પરિવારજનો દ્વારા ગાંધીનગર ટાઉનહોલ ખાતે સુંદરકાંડના પાઠનું આયોજન કરાયું હતું. ગુજરાત પ્રસિધ્ધ શ્રી અશ્વિન પાઠકના મધુર કંઠે આ પાઠનું પઠન થયું હતું. (તસવીર : દિપક જાની)

વન્ય પ્રાણી સપ્તાહ અંતર્ગત તારાપુરની શાળા ખાતે ચિત્ર સ્પર્ધા

ગાંધીનગર, તા.૬

વન વિભાગ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર નજીક આવેલા તારાપુર ગામની સરકારી પ્રાથમિક શાળા ખાતે આજ રોજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં તા. ૨ થી ૮ ઓકટોબર ૨૦૧૫ના સમયને વનવિભાગ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ સપ્તાહમાં વન વિભાગના કર્મચારી/

અધિકારીઓ દ્વારા શહેર/જિલ્લાની વિવિધ શાળામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેમાં શાળાના બાળકોને વન્ય પ્રાણીઓની સવિશેષ માહિતી પુરી પાડવામાં આવે છે. ગાંધીનગર તાલુકાના તારાપુર ગામની સરકારી શાળામાં વન્ય જીવન વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ વન્યજીવન પર વિવિધ ચિત્રો રજુ કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે ખુશી બકાભાઈ પ્રજાપતિ, દ્વિતિય ક્રમે ઠાકોર કિંજલ ગોવિંદજી તૃતિય ક્રમે યજ્ઞેશ અશોકભાઈ પ્રજાપતિ વિજેતા જાહેર થયા હતા. વનવિભાગ દ્વારા વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે ઈનામ એનાયત કરાયા હતા. આ પ્રસંગે શાળાના કર્મચારી, વનવિભાગના સ્ટાફ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યાં હતા.

શ્રી ઝુલેલાલ-સાંઈબાબા મંદિરમાં આરતીના સમયમાં ફેરફાર

સેકટર-૩૦ સ્થિત શ્રી ઝુલેલાલ-સાંઈબાબા મંદિરમાં મૌસમની તબદીલીના કારણે આગામી ૯ ઓકટોબરને શુક્રવારના રોજથી આરતીનો સમય કાકડ આરતી સવારે ૫.૦૦ કલાકે, બપોરે મધ્યાહ્ન ૧૨.૦૦ કલાકે, સાંજે ધુપ આરતી ૬.૩૦ કલાકે તેમજ સેજા આરતીનો સમય દરરોજ રાત્રે ૮.૦૦ કલાકનો રહેશે. પરંતુ ફકત ગુરુવારના રોજ સેજા આરતીનો સમય રાત્રે ૯.૩૦ કલાકનો રહેશે. જયારે શ્રી ઝુલેલાલની આરતી સાંજે ૬.૦૦ કલાકે કરવામાં આવશે. નગરના ભકતો અને જાહેરજનતાને બદલાયેલા સમયની નોંધ લેવા તેમજ આરતીમાં સામેલ થવા પ્રમુખ લાલચંદ સી. ગોપલાણીએ જણાવેલ છે.

વન સપ્તાહ અંતર્ગત ગીર ફાઉન્ડેશન દ્વારા વન્યસૃષ્ટિ-પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમો

(નજાહખાનમ સૈયદ દ્વારા)

ગાંધીનગર, તા.૬

રાજયના વન વિભાગ દ્વારા તા. ૨ ઓકટોબરથી વન સપ્તાહની ઉજવણીનો પ્રારંભ કરાયો છે. આ ઉજવણી અંતર્ગત ગીર ફાઉન્ડેશન દ્વારા રાજયભરમાં વિવિધ કાર્યક્રમો યોજીને વન્યસૃષ્ટિ અંગે જાગૃતિ લાવવાના પ્રયાસો હાથ ધરાયા છે. આ કાર્યક્રમોમાં પ્રકૃતિ શિક્ષણ શિબિર, રેડિયો કાર્યક્રમો, વાઈલ્ડલાઈફ રેસ્કયુ અંગે પધ્ધતિસરની તાલીમ, પ્રાણી સંગ્રહાલયની જાળવણી અંગે વર્કશોપ તથા પર્યાવરણ જાગૃતિ શિબિરોનું આયોજન કરવામાં આવેલું છે.

આ કાર્યક્રમો અંતર્ગત તા. ૮ ઓકટોબરના રોજ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે સવારે ૧૦ થી ૨ કલાક દરમિયાન ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના તાલીમાર્થીઓ માટે આપત્તિ સમયે વન્યજીવોના બચાવની કાર્યવાહી અંગે તાલીમ આપવાના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બપોરે ૩ થી ૬ દરમિયાન આણંદ એગ્રીકલ્ચરલ યુનિ.ના વિદ્યાર્થીઓ માટે પર્યાવરણીય જાગૃતિ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સાથે ગીર ફાઉન્ડેશનના ડાયરેકટર બી.જે. પાઠક દ્વારા વન વિભાગને લગતા વિષયો ઉપર પોતાનું વ્યકતવ્ય જી.એન.એલ.યુ. લૉ કોલેજ ખાતે આપવામાં આવશે તથા વકતવ્યમાં વન વિભાગના કાયદાઓની પણ સમજ તેમના દ્વારા અપાશે.

આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને વનનું નિદર્શન કરાવવામાં આવશે તેમજ વનની મુલાકાત દરમિયાન માર્ગદર્શક હેઠળ વનની સમગ્ર માહિતી પુરી પાડવામાં આવશે તથા પધ્ધતિસરની તાલીમ અપાશે જેથી તેઓ જાળવણી કરી શકે અને પર્યાવરણનો વારસો સાચવી તેને આગળ વધારી શકે તેવી જાળવણી અંગે માહિતગાર કરાવાશે.

આમ પર્યાવરણની જાગરૂકતા પ્રસરે તેવા તમામ પ્રયાસો ગીર ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહ્યા છે તેમજ આ વન સપ્તાહ દરમિયાન અનેક પ્રકારના વર્કશોપનું આયોજન કરવામાં આવી રહ્યું છે. હાલ પણ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે રાજયભરની શાળાઓના વિદ્યાર્થીઓ માટે પ્રકૃતિ શિક્ષણ શિબિરો યોજવામાં આવી રહી છે.

ગજાનન સેવા સમિતિ દ્વારા ૭૦ વૃદ્ધોને ધાન્ય કીટનું વિતરણ

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકાના છાત્રેશ્વરી, વાંટડા ગામના ૭૦ વૃદ્ધ નિરાધાર લાભાર્થીને ચોખા-ખાંડ, ચા-હળદર, મરચું, તુવેરદાળ, મગ વગેરેનું વિતરણ કરાયું હતું.

ભવાનપુર પ્રાથમિક શાળામાં નવા કપડાં, ભેટાલી આશ્રમશાળા તથા છાત્રેશ્વરી પ્રાથમિક શાળામાં પેન્સિલ, રબર, બોલપેન, નાસ્તો અપાયો હતો. આંગણવાડીમાં રમકડાં આપ્યા હતા. પાલ્લા માધ્યમિકમાં ગુજરાત સમાચારના કટાર લેખકશ્રી પરાજીત પટેલનું વ્યાખ્યાન રાખ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. શ્રી મિલિંદ પ્ર. ગુમે, દિનેશભાઈ પરમાર, ભીમજી ગામેતી સમગ્ર દિવસ સાથે રહ્યા હતા. રાધે સ્વીટ તરફથી ૧૭ કિ.ગ્રા. ચવાણું મળ્યું હતું તથા સહયોગ તરફથી મગ મળેલ હતા.

રકનપુરમાંથી મહિલા ગુમ

ગાંધીનગર, તા.૬

રકનપુર ગામે સુધા એન્જીનીયરીંગ કંપનીમાં રહેતા રાજુબેન ઉર્ફે રજનીબેન મનુભાઈ ગાંડાભાઈ ઘરેજીયા, ઉ.વ.૪૨, તા.૧૪મી સપ્ટેમ્બરથી ગુમ થયેલ છે. સોલા સિવિલ હોસ્પિટલ જવાનું કહી કયાંક ચાલી ગયેલ છે. રાજુબેનની ઉંચાઈ પાંચ ફુટ ચાર ઈંચ, ઘઉંવર્ણો રંગ, ગુજરાતી ભાષા જાણે છે તેમજ શરીરે કેસરી અને સફેદ કલરની સાડી પહેરેલ છે. ભાળ મળે તો સાંતેજ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

બાળકોએ 'મા'ને શોધવા પોસ્ટર લગાવ્યા

મુસીબતમાં ફસાઈ ન જાય તેની પરિવારને દહેશત, મહિલાઓની સુરક્ષામાં ગંભીર ખતરાનો સંકેત આપતી દર્દભરી ઘટના

ગાંધીનગર, તા.૬

પોતાના ત્રણ વ્હાલસોયા બાળકોને શાળાએમુકી વર્ગ ભરવા ગયેલી રાણીપની એક મહિલા અચાનક ગુમ થઈ જતાં હાહાકાર મચી ગયો છે. પોતાની મા ઘરે પરત નથી આવી તેવું જાણીને બેબાકળા બનેલા સંતાનોની આંખોમાં આંસુ સુકાતા નથી. મા ની શોધખોળમાં પિતા સાથે ભટકી રહેલા માસુમ ભુલકાં ઠેર ઠેર પોસ્ટર ચિપકાવી મા જલ્દી આવી જાય તેવી આશા રાખી રહ્યા છે. પિતાએ રાણીપ પોલીસ સ્ટેશનમાં વિગતવાર ફરિયાદ લખાવતા પોલીસે જાણવા જોગ લઈ સંતોષ માની લીધો છે.જો કે મહિલા સશકિતકરણનો જો ખરા અર્થમાં અમલ થયો હોય તો આ ત્રણ બાળકોને તેમની માતા મળી ગઈ હોત પરંતુ મહિલા સુરક્ષા સામે ગંભીર ખતરો હોવાનો સંકેત આ ઘટના

દર્શાવી રહી છે.

મળેલ વિગતો મુજબ અમદાવાદના રાણીપ ખાતે રહેતા કેનલકુમાર નવીનચંદ્ર શાહની ધર્મપત્ની શ્રેયાબેન નિત્યક્રમ મુજબ તા. ૧૯-૯-૧૫ને સવારે પોતાના ત્રણ બાળકોને શાળાએ મુકીને અખબાર નગરમાં આવેલ વીઆઈપી કલાસીસમાં અંગ્રેજી શીખવા જવાના હતા પરંતુ બાળકોની શાળા છુટયા પછી શાળા તરફથી ઘરે ફોન દ્વારા જણાવાયું કે બાળકોને લેવા કોઈ આવ્યું નથી જેથી કેનલભાઈની માતાએ પુત્રને આ અંગે જાણ કરી. શ્રેયા ઘરે આવી નથી તે હકીકત જણાવી હતી.

કેનલભાઈએ પોતાની પત્ની અંગેની તપાસ કરતાં ઈલેકટ્રીક યોયો બાઈક લઈને નીકળેલી શ્રેયાનો કોઈ જ પત્તો લાગ્યો ન હતો. વધુમાં ઈલેકટ્રીક યોયો બાઈક અખબારનગર બીઆરટીએસ પાસે પાર્ક કરેલું મળી આવ્યું હતું. પત્નીની ભારે શોધખોળ બાદ સફળતા ન મળતા રાણીપ પોલીસમાં જાણવા જોગ અરજી કરાઈ છે.

પુર્વા, પ્રથા અને નિલ નામના ત્રણ માસુમ બાળકો પોતાની માતા ગુમ થઈ ગયા હોવાની જાણથી જ બેબાકળા બની ગયા છે અને પોતાની નજર સામેથી સહેજ પણ ન હટતી માતાના પ્રેમને યાદ કરી આંસુ સારી રહ્યા છે. આ ત્રણ ભુલકાં પોતાની મા મળી આવે તે માટે પિતા સાથે ઠેર ઠેર પોસ્ટર લગાવી મા ને શોધી આપવા ગુહાર લગાવી રહ્યા છે. દરમિયાન કેનલભાઈએ સીસીટીવી માટે બીઆરટીએસ તથા અન્ય દુકાનોમાં તપાસ કરી ફુટેજ જોયા પરંતુ કયાંય પત્તો લાગ્યો નથી. બીઆરટીએસની બેદરકારી પણ બહાર આવી છે. જેમાં સીસીટીવી અગિયાર વાગ્યા પછી શરૂ કરાયા છે જેથી તે પહેલાની કોઈ જ ઘટના કેમેરામાં કેદ થઈ નથી. કેનલભાઈ જણાવે છે કે મારી પત્ની ધર્મનિષ્ઠ અને માયાળુ છે અને તે કદાપી આવું કરી શકે નહી જેથી તેની સાથે કોઈ અઘટિત મુસીબત ઉભી થઈ ન જાય તેની દહેશત વર્તાઈ છે. વધુમાં પોલીસ પણ આ અંગે કાર્યવાહી કરે તે ઈચ્છનીય છે જેથી ત્રણ માસુમ બાળકની પ્રેમાળ માતા પરત મળી શકે. મહિલા સશકિતકરણની જોરદાર અમલવારીમાં આવી ઘટના ઘટતા ગંભીર ખતરાના સંકેત બનવાના સંજોગો દેખાઈ રહ્યા છે ત્યારે ઉચ્ચ કક્ષાએથી પણ યોગ્ય કાર્યવાહી કરાય તેવી માંગ ઉઠવા પામી છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગુજરાત સ્ટેટ માસ્ટર્સ-એકવેટીક ચેમ્પિયનશીપમાં ગાંધીનગરના તરણવીરોનો ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર સચિવાલય જીમખાના સે-૨૧ના સ્વીમીંગ પુલ ખાતે કોચ કે.જી. ભગતના માર્ગદર્શન હેઠળ તાલીમ મેળવી તરવૈયાઓએ તાજેતરમાં ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ મુકામે રવિવારના રોજ ૬ઠ્ઠી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એકવેટીક ચેમ્પીયનશીપ્સ ૨૦૧૫માં ભાગ લઈ ઉત્કૃષ્ઠ દેખાવ કરી જીત હાંસલ કરી હતી. અમદાવાદ ખાતે યોજાયેલ હરીફાઈમાં મનીષાબેન ત્રિપાઠીએ ૨૦૦ મીટર ફ્રી, ૧૦૦ મીટર ફ્રી, ૧૦૦ મીટર બેક સ્ટ્રોક, ૧૦૦ મીટર બ્રેસ્ટ સ્ટ્રોક આ તમામ હરિફાઈમાં પ્રથમ ક્રમે વિજેતા બની ૪ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા હતા.

રામભાઈ પરમારે ૫૦ મીટર ફ્રી, ૧૦૦ મીટર ફ્રી હરિફાઈમાં પ્રથમ ક્રમ અને ૫૦ મીટર બેકમાં તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. અશોકભાઈ રાઠોડ ૫૦ મીટર બટરફલાય, ૫૦ મીટર બેક, ૧૦૦ મીટર ફ્રી, ૧૦૦ મીટર બટરફલાય હરીફાઈમાં પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા. રૂપીનભાઈ પટેલે ૨૦૦ મીટર ફ્રીમાં પ્રથમ ક્રમ અને ૧૦૦ મીટર ફ્રીમાં દ્વિતીય ક્રમ મેળવી વિજેતા બન્યા તેમજ શરદ વ્યાસ ૧૦૦ મીટર બ્રેસ્ટ સ્ટ્રોકમાં તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. આ તરવૈયાઓ આગામી તા. ૯ ઓકટોબરના રોજ ભોપાલ મુકામે યોજાનાર બારમી ઓલ ઈન્ડીયા માસ્ટર્સ સ્વીમીંગ ચેમ્પીયનશીપ ૨૦૧૫માં પસંદગી પામતા ભાગ લેવા રવાના થશે.

ચિરવિદાય

● સ્વ. બંસીભાઈ ફકીરભાઈ દાતણીયા, ઉ.વ.૭૦

● સ્વ. ડૉ. મહેશચંદ્ર શર્મા, ઉ.વ. ૭૩